# ઈનામનો હકદાર

— યશવંત કડીકર

એક નાનું ગામ હતું. એ ગામનું નામ હતું લાલપુર. આ ગામમાં એક આશ્રમ હતો. એ આશ્રમમાં એક સંત રહેતા હતા. એમનું નામ હતું રામદાસ. તેઓ ખૂબ જ દયાળુ, ભલા અને પરોપકારી સંત હતા. ગામના લોકો એમનું ખૂબ જ માન જાળવતા. ગામલોકો આશ્રમમાં આવી લોટ, દાળ, ચોખા અને ખાંડ સંતને શ્રદ્ધાપૂર્વક આપી જતા.

એક દિવસની વાત છે. કથા પૂરી કર્યા પછી સંતે કહ્યું ‘એક ખૂબ જ ખરાબ સમાચાર છે. બાજુના ગામમાં દુકાળ પડયો છે. તે લોકોને ખાવાના ફાંફાં છે.’

આ સાંભળી ગામના મુખીએ કહ્યું – ‘તો તો આપણે એમને મદદ કરવી જોઈએ.’

રામદાસે શાંતિથી કહ્યું – ‘મુખી સાચું કહે છે. આ કામ આપણે આપણા ગામના યુવાનોને સોંપીએ.’

તો તરત જ ત્યાં હાજર ગામના લોકો બોલી ઊઠયા, ‘એ કેવી રીતે મહારાજ ?’

રામદાસ કહેવા લાગ્યા, ‘તમે બધા રોજ ને રોજ, કંઈને કંઈ લાવો છો. આશ્રમમાં ઘણો લોટ, દાળ અને ચોખા–ખાંડ ભેગાં થઈ ગયાં છે. મેં આ દરેક વસ્તુ જુદા-જુદા કોથળાઓમાં ભરાવી દીધી છે. દુષ્કાળમાં સપડાયેલું ગામ અહીંથી પાંચ માઈલ દૂર છે. આ ગામનો દરેક યુવાન એક એક કોથળો ત્યાં પહોંચાડશે.’

‘પરંતુ આપણી પાસે એટલો સમય ક્યાં છે, મહારાજ ?’ એક યુવાને કહ્યું.

એટલે રામદાસજી મહારાજે કહ્યું કે, ‘પરોપકાર માટે આ બધું કરવું એ આપણી ફરજ છે અને આ કામ માટે મેં ઇનામ પણ રાખ્યું છે.’

આ સાંભળીને બધા ચમકી ઊઠયા.

રામદાસે આગળ વધતાં કહ્યું–‘પહેલો કોથળો પહોંચાડનારને ઇનામ મળશે. તથા કાલ સવારની ભક્તિસભામાં આખા ગામની હાજરીમાં એનું સન્માન કરવામાં આવશે.’

આ સાંભળી બધા યુવાન કોથળા પાસે પહોંચ્યા. કોઈના હાથમાં આટાની બોરી આવી, તો કોઈના હાથમાં દાળની, કોઈના હાથમાં ચોખાની તો કોઈના હાથમાં ખાંડની, તો કોઈના હાથમાં શેકેલા ચણાની.

એક એક કોથળો ઉપાડીને બધા યુવાનો ઝડપથી ચાલી નીકળ્યા. થોડેક દૂર ગયા હશે, ત્યાં વજનદાર કોથળાવાળા થાકી ગયા. એમણે થોડી વાર આરામ કરવાનું વિચાર્યું અને બેસી ગયા. ઓછા વજનવાળા કોથળા ઉપાડનાર આગળ નીકળી ગયા.

થોડીવાર આરામ કર્યા પછી તેઓ આગળ ચાલ્યા. એમણે જોયું કે ઓછા વજનવાળા ઘણા આગળ નીકળી ગયા છે, એટલે પાછળવાળાઓએ ઇનામની આશા છોડી દીધી. એટલે પોતાના કોથળા ત્યાં જ મૂકી દઈને તેઓ ગામમાં પાછા આવ્યા.

આટાની બોરી પહોંચાડીને એક યુવાન સાંજના સૌથી પહેલો પાછો ફર્યો. એ પછી શેકેલા ચણાવાળો અને પછી બીજા કેટલાક યુવાન પાછા આવ્યા.

બીજા દિવસે ધર્મસભા ભરાઈ. આટાની બોરી પહોંચાડનાર યુવાન ઇનામની લાલચમાં સૌથી આગળ બેઠો હતો. એની નજદીક શેકેલા ચણા લઈ જનાર યુવક બેઠો હતો, પરંતુ એકાએક આ બન્ને યુવાનોની આશા પર પાણી ફરી વળ્યું.



ત્યાં જ સ્વામી રામદાસે કહ્યું કે, 'આપ સૌ એ જાણવા માટે આવ્યા હશો કે ઇનામ કોને મળ્યું ? પરંતુ જે યુવાનને ઇનામ મળવાનું છે. એ તો હજુ પાછો આવ્યો જ નથી.'

આ સાંભળી બધાને આશ્ચર્ય થયું. આટાનો કોથળો લઈને જનાર યુવાને ઊભા થઈને કહ્યું– 'મહારાજ, સૌથી પહેલાં તો હું પાછો આવ્યો છું. ઇનામ મને મળવું જોઈએ.

'ના બેટા ' સ્વામી રામદાસે ગંભીર સ્વરમાં કહ્યું – 'સાચું ઇનામ તો માનવસેવા છે. એ સિવાય બીજું કોઈ ઇનામ નથી. હું જાણું છું આટાનો હળવો કોથળો પહોંચાડીને તું સૌથી પહેલો પાછો આવ્યો છે, પરંતુ તારા જલદી પાછા ફરવામાં ઇનામ મેળવવાનાં લોભ–લાલચ છુપાયેલાં હતાં, એમાં પરોપકારની ભાવના નહોતી.'

આ સાંભળી ધર્મસભામાં ચડભડ થવા લાગી, પરંતુ રામદાસજી તો એવી રીતે કહી રહ્યા હતા કે, કેટલાક જણ એમના કોથળા રસ્તામાં મૂકીને આવ્યા હતા, પરંતુ એક યુવાન એવો પણ છે કે જે પોતાનો કોથળો તો પહોંચાડી આવ્યો છે, પરંતુ રસ્તામાં પડેલા કોથળા પણ એક એક કરીને પહોંચાડી રહ્યો છે. એ આખી રાત આ કામમાં જ લાગી રહ્યો છે. એટલે માનવસેવાનું સાચું ઇનામ એને સતત મળતું રહ્યું છે. તમે પણ આ ઇનામ મેળવી શકો છો, કારણ ઘણા કોથળા હજુ રસ્તામાં પડયા છે. આમ કહીને રામદાસજીએ સભા પર નજર ફેંકી. રસ્તા વચ્ચે કોથળા મૂકીને આવેલા યુવાનોનાં માથાં શરમથી ઝૂકી ગયાં હતાં.

ત્યાં જ આટાનો કોથળો લઈ જનારો યુવાન ઊભો થઈને બોલ્યો, ‘મહારાજ, મને માફ કરી દો. મારી આંખો સામેથી સ્વાર્થનો પડદો હટી ગયો છે. હવે હું એ સાચું ઇનામ મેળવવા માટે જઈ રહ્યો છું.’ આમ કહી તે પેલા દુષ્કાળવાળા ગામ તરફ ચાલી નીકળ્યો. એને જતો જોઈને બીજા યુવાનો પણ એની પાછળ ચાલી નીકળ્યા.

■